કાન્તિ ભટ્ટ

## આઈ લવ યુ એ શબ્દોને સોનાની લગડી જેવા બનાવીએ

જીવનાનુભૂતિ
એક પંજા કે જિસ મેં
તુમ્હારે સાથ મૈં ભી તો પકડ મેં
આ ગયા હૂં
એક જાલ, જિસ મેં
તુમ્હારે સાથ મૈં ભી બંધ ગયા હૂં

- અજ્ઞેય

પ્રેમનાં પંથને હિન્દી કવોઓએ કરાલ-કઠિન કહ્યો છે અને તેમાં બહુ ઉતાવળથી ધસી જવું નહીં અને ધસવું તો પછી એ પંથેથી ખસવું નહીં. કવિ અજ્ઞેય કહે છે તેમ ચારેકોરની જીવનાનુભૂતિ લેવી. ચાર્લ્સ ડિકન્સ માત્ર લેખક નહોતા અભિનેતા પણ હતા. તેઓ એક નિયમ છોડી ગયા. તમે કોઇને આઈ લવ યુ કહો તે દિલથી કહેજો. એ ત્રણ શબ્દોને ફેંકી દેશો નહીં કારણ કે સામા પાત્રને એ શબ્દો કહેવાયા હોય તે ખૂબ જ લાગણીશીલ, ચંચળ અને અત્યંત ભાવુક હોય તો તે ત્રણ શબ્દોની ગાંસડી બાંધીને તેને જીવનનું ભાથું બનાવી દઇ શકે છે.

લંડનમાં તો દરેક ચીજનું રૂપિયા આનાપાઇમાં મૂલ્યાંકન થાય છે. પણ મૂલ્યાંકનની દૃષ્ટિએ ‘આઈ લવ યુ’શબ્દોનું ભૌતિક મૂલ્ય પણ વિક્ટોરિયા કેરન નામની મહિલા પત્રકાર ‘બ્રેઇન લૂઇસર’ નામની સ્ટેટિસ્ટિકલ સંશોધન સંસ્થા દ્વારા કરાવ્યું છે ! ૧૦૦૦ બ્રિટિશરોનો મત લેવાયો. પોતાના જીવનમાં ગણનાપાત્ર પ્રસંગ બન્યા હોય તે પ્રસંગ થકી તેમને જીવનમાં જે સુખાનુભૂતિ થઇ હોય તેના આંકડા મૂકવામાં આવ્યા. એક લોટરી લાગી તેની સુખની અનુભૂતિથી માંડીને કોઇએ તમને ‘આઈ લવ યુ’ કહ્યું હોય તેનાથી થયેલા આનંદના આંકડા મંડાયા. તો જેણે આઈ લવ યુ શબ્દો સાંભળ્યા હોય તેમાં એક લાખ ત્રેસઠ હજાર ચારસો ચોવીસ પાઉન્ડના મૂલ્યનું સુખ મળ્યુ ! ! ! વિક્ટોરિયા કોરેનના કહેવા મુજબ તાત્પર્ય એ કે હું તને પ્રેમ કરું છું એવા શબ્દોમાં આપણે ખૂબ વિશ્વાસ મૂકીએ છીએ એનાથી જે રોમાંચ થાય છે તે અદ્ભૂત હોય છે એટલે જ્યારે પણ પ્રેમ વ્યક્ત કરો ત્યારે જવાબદારીપૂર્વક એ શબ્દોની રાસાયણીક અસર છે તેમ માનીને કહેજો.

આજે ૨૧મી સદીમાં સર્વત્ર અને તમામ સંબંધો ઉપરાંત રોમેન્ટિક સંબંધોમાં પહેલાં કરતાં ઊલટાની ખૂબ વધુ નિષ્ઠાની જરૂર છે. પ્રેમ એ ખૂબ જ દુર્લભ કોમોડિટી બની ગઇ છે. યુરોપ-અમેરિકામાં કોઇ કોઇનો વિશ્વાસ કરતા નથી. બ્રિટનમાં દરેકેદરેક નાગરિક ઉપર છૂપા કેમેરા ફરે છે. ચારેકોર નેગેટિવ થિંકિંગ છે. એરવીન લેઝલોનું પુસ્તક મારી પાસે છે. ‘ધ ઈનર લિમિટસ ઑફ મેનકાઇન્ડ’માં લેઝલો કહે છે વ્હેર ઇઝ ધેર નો વિઝન ધ પીપલ પેરિસ..પીપલ શુડ વેલ્યુ પાવર ઑફ પોઝિટિવ વિઝન-જ્યારે માનવી પાસે કોઇ જીવનદૃષ્ટિ હોતી નથી અને પોતે હકારાત્મક-રચનાત્મક રીતે વિચારતી નથી અને દરેક વાતને નેગેટિવલી જુએ છે તેનો નાશ થાય છે. ઘણાને કહેવાની ટેવ પડી છે પ્રેમ બ્રેમ કંઇ નથી નર્યો સ્વાર્થ છે. પ્રેમ માત્ર બકવાસ છે એવું માનનારાનું આખું જીવન  રસકસ વગરનું થઇ જશે. કોણ જાણે અમેરિકનોની વાદેવાદે આપણામાં પ્રેગમેટીઝમનું ભૂત સવાર થઇ ગયું છે. ડ. એરવીન લેઝલો કહે છે અવર સોસાયટીઝ સફર ફ્રોમ એન ઓવરડોઝ આફ પ્રેગમેટીઝમ કોમ્બાઇન્ડ વીથ જનરલાઇઝ્ડ પેસીમીઝમ. રાજકારણમાંય આજે ખાસ વિશ્વાસની જરૂર છે. તેને બદલે બીજા વિશ્વયુદ્ધ પછી પરસ્પર શંકાની દૃષ્ટિએ જુએ છે. ૨૦મી સદીની આ આખી અવિશ્વસનિયતા કલબ ઑફ રોમના એક માસાશુસેટસ ઇન્સ્ટિટયૂટ ઑફ ટેકનોલોજીના કોમ્પ્યૂટરને ફિડ કરવામાં આવી. આજના માનવીઓના તકલાદી સ્વાર્થી પ્રેમ અને રાજકારણના દાવપેચની માહિતી ફિડ કરી તો કમ્પ્યૂટરે આગાહી કરી કે જો આ પ્રકારે જ પ્રેમમાં, વચનમાં, રાજકારણમાં, સમાજિકસંબંધોમાં માનવી અવિશ્વાસ કરશે તો દુનિયા આગળ નહીં વધે. રોબોટીક યંત્રો વધશે પણ માનવી પ્રેમ વગર ભૂખ્યો મરશે અને જગત આખું કેટેસ્ટ્રોફી-મહાપીડામાં સપડાઇ જશે.

‘સન-ડે ટાઇમ્સ’(લંડન)માં ૧૨-૭-૦૯ના અંકમાં એક સાચો દાખલો અપાયો છે. ઓસ્ટ્રેલિયામાં એક ઓડ્રી માઉન્ટ ફોર્ડ નામની કવિયત્રી રહેતી હતી. તે ૪૦ વર્ષ પહેલાં ક્યાંક અદશ્ય થઇ ગયેલી. તેનું શબ હમણાં જ બ્લુ માઉન્ટન્સની

ગુફામાંથી મળ્યું. પછી જાણવા મળ્યું કે તે કોઇના પ્રેમમાં પડી હતી. તેને કોઇએ આઈ લવ યુ કહેલું એટલે તે લાંબો સમય સુધી તેવું ઉચ્ચારણ કરનારની રાહ જોઇને બેઠા પછી તેને જાણવા મળ્યું કે તેનો પ્રેમી કોઇ બીજી સાથે પરણી ગયો છે. ઓડ્રી માઉન્ટફોર્ડ પછી ચૂપચાપ ગુફામાં ચાલી ગઇ અને ગુફામાં જ પ્રેમમાં ઝૂરી ઝૂરીને મરી ગઇ. આમ કોઇને આઈ લવ યુ કહીને તે શબ્દોની જે જાલીમ અસર છે તેનો આપણે ખ્યાલ રાખવો. કદાચ તમે કોઇની જાન સાથે ખેલી રહ્યા છો.

'વિઝડમ ઑફ ધ હાર્ટ' નામની એક નાનકડી સુંદર પુસ્તિકા અલાન કોહેને પ્રગટ કરી છે. તેમાં અનાતોલે ફ્રાંસ નામના મહાન નોબેલપ્રાઇઝ વિજેતા કવિ-નવલકથાકારના ઉદ્‌ગારો છાપ્યા છે. તેનું મથાળું છે. 'ઓન્લી લવ.' તેમનાં હ્રદયનાં પ્રેમ વિશેના ઉદગારોવાંચતા પહેલાં લેખક અનાતોલેનું જીવન જોઇએ. એપ્રિલ ૧૮૪૪માં એક પુસ્તક વિક્રેતા પિતાને ઘરે જન્મ્યા. ઘર આખું પુસ્તકથી ભરેલું રહેતું. પોતે બચપણથી પુસ્તકના કીડા બન્યા. પેરિસની લાઇબ્રેરીમાં વગર પગારના લાઇબ્રેરિયન રહ્યા. એક પ્રેમ લગ્ન કર્યા. કવિ અનાતોલેનું કવિત્વ અને મહાનતા જાણીને સુંદરીએ લગ્ન કર્યા પણ કવિ કે મોટા લેખક હોય તો શું થયું ? તે માનવ પણ છે તેની નાની નાની તમને ન ગમે તેવી ટેવો પણ હોય છે. તે વાંચ્યા કરે તો વાંચ્યા જ કર. ભૂખ્યા તરસ્યા વાંચ્યા-લખ્યા કરે. લગ્ન ટક્યું નહીં. એ પછી એક અરમાન્ડ દ' કેલવર્ટ નામની છોકરીના પ્રેમમાં પડ્યા. બંનેએ નક્કી કર્યું કે પ્રેમમાં પરસ્પરને મુક્ત રાખવા તે સંબંધ મરતા સુધી ચાલ્યો પણ મરણના ચાર વર્ષ પહેલાં તે તેની ઘરકામ કરનારી એમ્મા લેપ્રા વોટી સાથે પરણ્યા અને તમામ વારસ તે પ્રેમાળ બાઇને આપતા ગયા. આ નોકરબાઇ તેનો શેઠ કોઇના પ્રેમમાં પડે તો ખુશ થતી.

આવા અનાતોલ ફ્રાંસના પ્રેમ અંગેના વિચારો વાંચો:

'મેઇલ લવ નાઉ, બાય નાઇટ એન્ડ ડે, ઇન વિન્ટર એન્ડ સમર યુ આર ઇન ધ વર્લ્ડ ફોર ધેટ, એન્ડ ધ રેસ્ટ ઑફ લાઇફ..' તમે આ દુનિયામાં માત્ર પ્રેમ કરીને પ્રેમાળ બનીને રહેવાનો તમને ઈશ્વરે કાયમી એજન્ડા આપ્યો છે. રાત દિવસ પ્રેમ કરતાં રહો. સારા કે ખરાબ સંયોગોમાં ય પ્રેમાળ બની રહો. આખી જિંદગીમાં માત્ર પ્રેમ જ ભાથું બની રહેશે. બાકી બધું દંભ છે. ઈલ્યુઝન છે, પ્રેમ નથી તો જીવનમાં બીજી બધી વાતો સ્ટેટસ, ધન, કીર્તિ એ બધી ભ્રાંતિ, ભ્રમ છે. માયા છે. અને શક્તિનો વેડફાટ-વ્યય છે. પ્રેમનું સ્મરણ તમને સર્જક બનાવશે. જગતમાં માત્ર એક જ સાયન્સ છે અને એક જ પોલીસી છે તે પ્રેમ છે. પ્રેમ કરો અને એક તમે એક યુનિવર્સલ કાનૂન પાળો અને તમે જ તમારા ભાગ્યનિર્માતા બનો છો. તમે કેટલો પ્રેમ કરી શકો છો તેના ઉપર તમારા જીવનની કવૉલિટી અવલંબે છે. પ્રેમ માટે દુન્વયી કે બહારના નિયમો નહીં પણ તમારા રુદિયામાંથી ઊગેલા નિયમો તમને પારાવાર પ્રેમ આપશે. માત્ર સામી વ્યક્તિના સારા તત્ત્વો હોય તે જુઓ. તમારું ઇનોસન્સ વાપરો.આ જીવનનું સિક્રેટ શું છે-ઓન્લી લવ.

મારી લાઇબ્રેરીમાં ત્રણ સુંદર પુસ્તિકા છે. તેમાં 'ધ આર્ટ ઑફ લવિંગ', 'ધ ન્યુ બુક અબાઉટ ધ આર્ટ આફ લવિંગ' અને 'મોર અબાઉટ ધ આર્ટ આફ  લવિંગ' જેવાં નામ છે. પણ ત્રણેયમાં પ્રેમના વિષયને ખૂબ મહત્ત્વ અપાયું છે. જો તમે ખરેખર પ્રેમ કરતાં શીખી જાઓ તો તમારામાં સ્પિરિચ્યુઅલ મેગ્નેટિઝમ આવે છે. મોટા મોટા મહાત્મા, જે પ્રેમાળ છે તેનામાં ખૂબ જ આધ્યાત્મિક શક્તિ હોય છે. જ્યોર્જ વોશિંગ્ટન કર્વરે લખેલું કે પ્રેમ હંમેશાં જીવનની મિસ્ટરીઓને ભેદે છે. કોઇ પણ રહસ્યમય ઘટના તમે ફૂરતા પ્રેમાળ હો તો તેનું રહસ્ય તમારી પાસે ખોલી નાખે છે. તાત્પર્ય કે તમે પ્રેમાળ હો તો દુનિયાને જીતી ગયા. જ્યારે તમે પ્રેમાળ બનો છો ત્યારે ઈશ્વર તેનું કેટલુંક ઉમદા કાર્ય તમારા હાથે કરાવે છે અને એ કામ કરવાની શક્તિ બક્ષે છે.

કવિ ઈમરસને લખેલું 'સ્ટેઇંગ યંગ ઇઝ એન ઇનસાઇડ મેટર-યુવા રહેવું તે અંદરની વાત છે. જ્યારે માણસ પાસે કંઇ જ ગણવાનું બાકી રહેતું નથી ત્યારે તે વર્ષો ગણ્યા કરે છે. જ્યારે સપનાંઓ હોય છે ત્યારે યુવાન રહો છો. અને પ્રેમનાં સપનાંઓ તમને જીવાડે છે. તમારે પ્રચલિત માર્ગે જવાનું નથી. પ્રેમ પ્રચલિત માર્ગે થતો નથી. કવિ સેન્ડબર્ગએ કહેલું, 'મરો ત્યારે એક બાળકનું હ્રદય લઇને મરજો.

તમારે મિરેકલ્સ સર્જવું છે ? આર્ટ ઑફ મિરેકલ્સમાં લેખક વિલફ્રેન્ડ પિટરસન લખે છે કે 'થોમસ આલ્વા એડિસને કહેલું કે હું મારી જીંદગીમાં ચમત્કારિક પરિણામ લાવી શક્યો કારણ કે મારી પ્રેમાળ માતાએ મારામાંથી કદી વિશ્વાસ ગુમાવ્યો નહીં તમે કોઇને ખરા હ્રદયથી કહી નાખો કે આઈ લવ યુ  તો એ ત્રણ શબ્દો ચમત્કાર સર્જે છે.